**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૩ ડીગ્રી
લઘુતમ : ૧૮.૩ ડીગ્રી
ભેજ
સવારે ૮૪ ટકા ● સાંજે ૫૩ ટકા

# શહેરીજનોને હજુ કચરાના બે ડસ્ટબીન મળ્યા નથી

## ગાંધીનગર મહાનગરપાલિકા તંત્ર પાસે છેલ્લા એક વર્ષથી શહેરીજનો આ અંગે ઉગ્ર માંગણી કરી રહયા છે છતાં વાતો કરાઈ પણ કોઈ જ પગલાં ભરવામાં આવ્યા નથી




ગાંધીનગર, તા.૮

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા શહેરને વધુ સ્વચ્છ અને પર્યાવરણની દ્રષ્ટીએ ઉત્તમ બનાવવા માટે કવાયત શરૂ કરવામાં આવી છે. જેના ભાગરૂપે મનપા હવે ઈન્દોર મ્યુનિસિપલ કોર્પોરેશનની વ્યુહરચના તરફ આગળ વધી રહી છે. પરંતુ ગાંધીનગરની જનતાની જે માંગણી છે તેનું હજી સુધી તંત્ર દ્વારા નિરાકરણ કરવામાં આવેલ નથી. ભીનો કચરો અને સુકો કચરો અલગ અલગ આપવા માટે જનતાની એક વર્ષથી ઉગ્ર માંગણી રહી છે. હાલમાં શહેરમાંથી જે કચરો એકત્રિત થઈ રહયો છે તેમાં સુકો કચરો અને ભીનો કચરો અલગ અલગ કરીને આપવામાં નથી આવી રહયો. નાગરિકોને તંત્ર દ્વારા કચરો અલગ અલગ ડસ્ટબીનમાં એકઠો કરીને આપવાની અપીલ કરવામાં આવી પરંતુ તે માટેના અલગ ડસ્ટબીનની તંત્ર દ્વારા કોઈ વ્યવસ્થા કરવામાં આવી નથી. કચરા બાબતે શહેરમાં જે અવ્યવસ્થાઓ ઉભી થઈ રહી છે તે માટે તંત્ર જવાબદાર છે. ભીનો-સુકો કચરો અલગ આપવા માટેના અગાઉ વર્ષ ૨૦૧૭માં ૫૦ ટકા વસાહતીઓને ડસ્ટબીનનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં પાંચ વર્ષ થવા આવ્યા બાદ ડસ્ટબીન તુટી ગયા છે કે વાપરવા લાયક ના રહેતા નાગરિકો દ્વારા નવા ડસ્ટબીન આપવાની માંગ રહી છે. નવા ગુડા વિસ્તારનો સમાવેશ થવાથી દરેક વસાહતીઓને નવા ડસ્ટબીન આપવા જરૂરી છે. આ બાબતે અગાઉ આંદોલન પણ કરવામાં આવ્યું હતુ અને મહાનગરપાલિકા મેયર સાથે બેઠક પણ મળી હતી. મેયર દ્વારા તેઓની મળવાપાત્ર ગ્રાન્ટમાંથી નવા ડસ્ટબીન આપવા માટે ફાળવણી કરવામાં આવી હતી. જેને ઘણો સમય થવા આવ્યો પરંતુ હજી ગાંધીનગર શહેરના વસાહતીઓને ડસ્ટબીન આપવા માટે કોઈ જ કાર્યવાહી કરવામાં આવી નથી. ગત વર્ષે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા તમામ નાગરિકોને ડસ્ટબીન આપવામાં આવ્યા છે તેવી જ રીતે ગાંધીનગરના વસાહતીઓને તાકીદે ડસ્ટબીન આપવામાં આવે જેથી અલગ અલગ ભીનો સુકો કચરો એકઠો કરીનો આપી શકાય. ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા આ અંગે ઉગ્ર માંગ કરાઈ છે કે દરેક વસાહતીઓને બે ડસ્ટબીન ફાળવણી કરવામાં આવે. વસાહતીઓનો અલગ કચરો આપવા માટે કોઈ સમજ આપવાની જરૂર નથી મોટા ભાગના વસાહતીઓ ગાંધીનગર વિસ્તારમાં શિક્ષિત કર્મચારીઓ અધિધારીઓ રહે છે જેઓ ગાંધીનગર શહેરને સ્વચ્છ અને પર્યાવરણની દ્રષ્ટીએ ઉત્તમ બનાવવા માટે પુરો સહયોગ આપી મદદરૂપ થશે તેવી મહાસંઘ દ્વારા ખાતરી આપવામાં આવી છે.

### તંત્ર કેમ નિષ્ફળ રહયું ?

વર્ષ ૨૦૨૧થી ભીનો સુકો કચરો અલગ કરી આપવાનું ફરજિયાત કરી દેવાયું હતું. લોકોના વિરોધ વચ્ચે તત્કાલિન મ્યુનિ. કમિશનર ધવલ પટેલ અડગ રહયા હતા. જો કે તે બાદ મહાનગરપાલિકાની ચૂંટણી નજીક આવતાં સત્તાધારી પક્ષે સમગ્ર મુદ્દે ઠંડુ પાણી રેડી દીધું હતું. એટલે કે ગાંધીનગરમાં સક્રિય તંત્રને રોકવામાં રાજકારણીઓ સક્રિય છે.

### એજન્સીના માણસો ભીનો-સુકો કચરો દુર કરી આપે છે

એજન્સી દ્વારા સોસાયટીના દરેક ઘરે ઘરે ફરીને નાગરિકોને ભીના સુકા કચરાની સમજ આપવાની સાથે કચરો જુદો કરીને આપનારા રહીશોને પ્રોત્સાહન અપાઈ રહયું છે. નક્કી કરેલા વિસ્તારોમાં કચરો લેતી ગાડીઓ સાથે બે માણસો રખાયા છે જે કોઈ સ્થળે ભીનો સુકો કચરો અલગ ન મળે તો એ માણસો જાતે કચરો અલગ પાડે છે પરંતુ જો નાગરિકોને ડસ્ટબીનની સગવડ કરી આપવામાં આવે તો એજન્સીના માણસો તંત્રને રાખવાની નોબત ન આવી હોત.

### મેયરની ગ્રાન્ટમાંથી એક કરોડની ફાળવણી થઈ હતી

ગાંધીનગર મહાનગરપાલિકા સમાવિષ્ટ વિસ્તારોમાં કચરાનું એકત્રીકરણ યોગ્ય રીતે થાય તે માટે ભીનો-સુકો કચરાના અલગ ડસ્ટબીન આપવા માટે શહેરમાં આંદોલન થયા બાદ મેયર હિતેશ મકવાણાએ બેઠક યોજી હતી અને ત્યારબાદ મેયરની ગ્રાન્ટમાંથી એક કરોડની ફાળવણી કરવામાં આવી હતી. જેમાંથી ચાલીસ હજાર ડસ્ટબીન ખરીદવાની વાત ચર્ચાઈ હતી જેમાં કોઈ કાર્યવાહી થઈ જ નથી.

**સેક્ટર-૨૧ ડિસ્ટ્રિક્ટ શોપિંગ સેન્ટર ખાતે**

## અગ્રેસર ગુજરાત-સંકલ્પપત્ર અભિયાનનું શહેર ભાજપ દ્વારા લોન્ચિંગ કરાયું



ગાંધીનગર, તા.૮

આગામી વિધાનસભા ચૂંટણીના અનુસંધાને ભાજપના ચૂંટણી સંકલ્પપત્ર માટે નાગરિકોના સુઝાવ મેળવવા પ્રદેશ ભાજપા અધ્યક્ષ સી.આર.પાટીલની અધ્યક્ષતામાં શરૂ કરાયેલા અગ્રેસર ગુજરાત અભિયાનનું શહેર ભાજપ દ્વારા સેક્ટર-૨૧ ડિસ્ટ્રિક્ટ શોપિંગ સેન્ટર ખાતે લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહાનગરના મેયર હિતેશ મકવાણા, મહામંત્રી ગૌરાંગ પટેલ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, અગ્રણીઓ, સંગઠનના હોદ્દેદારો, કોર્પોરેટરો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા જેઓએ સે-૧ શોપિંગ સેન્ટર ખાતે નાગરિકોનો ચૂંટણી સંકલ્પ પત્રમાં સમાવેશ કરવા ઈચ્છતા મુદ્દાઓ અંગે અભિપ્રાય લઈને સુઝાવ પેટીમાં એકત્રિત કર્યા હતા. આ જ મુજબ આગામી દિવસોમાં ભાજપા સંગઠન દ્વારા દરેક વોર્ડમાં 'અગ્રેસર ગુજરાત-સંકલ્પપત્ર' અભિયાન હેઠળ જનતાના અભિપ્રાય એકત્રિત કરવામાં આવશે.

## પાલજમાં ૫૦ વર્ષીય પુરૂષનો કોરોના રિપોર્ટ પોઝીટીવ

### હળવા લક્ષણો દર્દીઓ ધરાવતાં છુટા છવાયા કેસો મળી રહ્યા છે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરમાં ૪ દિવસ બાદ આજે કોરોનાનો એક કેસ નોંધાયો છે. શહેરમાં આજે નોંધાયેલ કેસ લોકલ ટ્રાન્સમિશનથી નોંધાયો હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો પોઝીટીવીટી રેટ ૦.૫૦ ટકા નોંધાયો છે. શહેર-જિલ્લામાં કોરોનાના કેસો છુટા છવાયા મળી રહ્યા છે. જો કે મળી રહેલા કેસોમાં દર્દીઓને હળવા લક્ષણો જણાઈ રહ્યા હોવાથી હોમ આઈસોલેશનના વિકલ્પને પણ મંજૂરી આપવામાં આવી રહી છે.

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ પાલજ ગામમાં આજે ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. શહેરમાં હાલ પાંચથી પણ ઓછા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. શહેર-જિલ્લામાં સંક્રમણ ઘટ્યુ છે અને પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો તંત્ર કરી રહ્યુ છે. છુટા છવાયા કેસો મળી રહ્યા છે પણ હળવા લક્ષણો દર્દીઓ ધરાવે છે. તંત્રએ સર્વેલન્સ વધારવા સાથે જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે અને વેક્સિનેશન અભિયાન સઘન બને તે માટે સૂચનાઓ આપી છે.

## સેકટર-૩૦ ગુરૂદ્વારામાં ગુરૂનાનક સાહેબની જન્મ જયંતિની ઉજવણી



ગાંધીનગર, તા.૮

ગુરૂદ્વારા ગુરુનાનક સાહેબ ટ્રસ્ટ દ્વારા સેકટર-૩૦ ખાતે ગુરુનાનક સાહેબની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં મેડીકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં ૨૫૦ જેટલા લોકોએ લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં મેયર હિતેશ મકવાણા, રૂચિર ભટ્ટ, ગૌરાંગ વ્યાસ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, પૂર્વ ધારાસભ્ય અશોકભાઈ પટેલ ઉપસ્થિત રહયા હતા. ગુરૂદ્વારા ખાતે લગભગ બે હજાર જેટલા ભક્તોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. સંસ્થાના પ્રમુખ બલબીરસિંગ રાજપાલ તથા ટ્રસ્ટી કુલવિન્દરસિંગ દ્વારા આવનાર મહેમાનોને ગુરુઘરની પરંપરા સિરોપાવ આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

### જન્મદિને વધામણી



એડવોકેટ વિરેન્દ્રસિંહ ગોહિલ
મો.૦૯૭૩૭૪ ૩૯૧૯૯



આલીયા પરીમલ શ્રીમાળી
મો.૯૮૨૪૭૬૭૨૨૬



નોવા પરીમલ શ્રીમાળી
મો.૯૮૨૪૭૬૭૨૨૬

### ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.ત્રિવેદી મધુબેન ધનવંતરાય ઉ.વ.૭૯, સેકટર-૨૪
- સ્વ.ડાભી રસીલાબેન પ્રતાપજી ઉ.વ.૧૨, સુખડ, સાબરકાંઠા
- સ્વ.વાઘેલા જીવુબેન જુજારજી ઉ.વ.૭૨, લેકાવાડા

● રૂદ્રભૂમિ ●

- સ્વ.કાટકર રસવંતી દગડુ ઉ.વ.૭૩, વાવોલ
- સ્વ.મકવાણા રામજીભાઈ વસ્તાભાઈ ઉ.વ.૮૨ સે-૪

# વેડિંગ કરતા પ્રિ-વેડિંગ ફોટો શૂટનો ક્રેઝ વધ્યો

## વેડિંગનો ખર્ચો પ્રિવેડિંગ કરતા મોંઘોદાટઃ પ્રિવેડિંગ શૂટ માટે આ મહિને ઠેક ઠેકાણે બુકિંગ ફૂલ





ગાંધીનગર, તા.૮

આજકાલ યુવાનોમાં લગ્ન પેહલા પ્રિ વેડિંગ ફોટોગ્રાફીનો શોખ ધીમે ધીમે વધી રહ્યો છે, લોકો પ્રિ-વેડિંગ નો વીડિઓ કે ફોટા માટે અઢળક રૂપિયા ખર્ચી રહ્યા છે.દેવ દિવાળી બાદ હવે લગ્નોની મોસમ આવી છે ત્યારે યુવાધન નવા નવા ટ્રેન્ડ મુજબ પ્રિ વેડિંગ ફોટો શૂટ કરાવી રહ્યા છે. હવે લગ્નોમાં નવીનતા જોવા મળી રહી છે. દરેક દિવસે નવા નવા ટ્રેન્ડ મુજબ ફોટો શૂટ કરવામાં આવી રહ્યા છે. લગ્ન પ્રસંગમાં જેટલા ફોટા નથી પડાવતા એનાથી વધારે તો પ્રિ વેડિંગમાં ફોટો શૂટ કરાવે છે. એટલે કહેવાય કે હવે વેડિંગ કરતા પ્રિ વેડિંગ ફોટો શૂટનો ક્રેઝ વધી ગયો છે. જેમાં લાખો રૂપિયા ખર્ચવામાં આવે છે. આજકાલ લગ્ન પહેલા અને પછી પણ સ્પેશિયલ પાર્ટીનું આયોજન કરવામાં આવે છે. પ્રી વેડિંગ પાર્ટીમાં બેચલર પાર્ટી, હેન્સ પાર્ટી, સંગીત સંધ્યા, મ્યુઝિકલ શો, રેઈન ડાન્સ પાર્ટી કે ઈન્ટ્રોડયૂસ પાર્ટી હોય છે, જ્યારે પોસ્ટ વેડિંગ પાર્ટીમાં રીસેપ્શન, કન્ફેશન પાર્ટી, ન્યૂ મેમ્બર વેલકમ પાર્ટી, ન્યૂ રીઝોલ્યૂશન પાર્ટી અને હેપીનેસ પાર્ટી જેવા સેલિબ્રેશનનો સમાવેશ થાય છે. આ પ્રિ વેડીંગ એ ફોટો શૂટ છે પ્રી-વેડિંગ શૂટનો ક્રેઝ આજથી ૨-૩ વર્ષ પહેલાં બહુજ ઓછો હતો પરંતુ આજકાલ બહુજ વધી ગયો છે આમ જોવા જઈએ તો એ સારી નિશાની છે !!! પ્રી-વેડિંગ શૂટનો મુખ્ય આશય એ છે કે લગ્ન પહેલા વર-વધુ એકબીજા સાથે ફ્રેન્ડલી થઈ જાય, એકબીજાની નજીક આવે ,એમની વચ્ચે ઘનિષ્ઠતા કેળવાય, તેઓનો વાત કરવાનો ક્ષોભ દૂર થાય, કહો કે સંકોચ દૂર થાય !!! એકબીજાને જાણવું એ બહુજ અગત્યનું છે જીવનમાં !!!!

આમ જોવાં જઈએ તો જે ફોટોગ્રાફરો પ્રી-વેડિંગ શૂટ કરે છે એ જ લગ્નનું પણ શૂટિંગ પણ કરતાં હોય છે એવામાં ફોટોગ્રાફર સાથે એનું ટ્યુનીંગ થઈ જાય તો એ બહુજ ઉત્તમ ગણાય આજકાલ દરેક જણને પ્રી-વેડિંગ શૂટ કરાવવું હોય છે પ્રી-વેડિંગ શૂટનું લોકેશન ગ્રાહકની પસંદગી પર નિર્ભર રહેતું હોય છે. કોઈને પહાડ પસંદ હોય છે તો કોઈને બીચ પસંદ હોય છે તો કોઈને ઐતિહાસિક સ્થળો જેમકે કિલ્લો અને મહેલ!!!

લોકો જીમ કોર્બેટ, નીમરાણા, ઉદયપુર, જયપુર, ગોવા, કેરળ, દુબઈ, મલેશિયા, થાઈલેન્ડ જઈને પોતાનાં બજેટ પ્રમાણે પ્રી-વેડિંગ શૂટ કરાવે છે આ પ્રી-વેડિંગ શૂટનો ખર્ચો ૧ લાખથી લઈને ૫ લાખ સુધીનો આવે છે. ગુજરાત પણ આમાંથી બાકાત નથી રહ્યું. ખાસ કરીને વિજયનગર પોળો ફોરેસ્ટમાં તો રોજની ૩-૪ બસો ભરીને લોકો પ્રી-વેડિંગ શૂટ કરાવવા જાય છે આ જગ્યા એમને માટે સૌથી વધારે પોપ્યુલર બની ગઈ છે. અવનવા પોશાકો અવનવી મુદ્રાઓ, ચહેરા પર નીતરતો આનંદ, નયન રમ્ય સ્થળો કયારેક કિલ્લામાં તો કયારેક જુના પુરાના મંદિરમાં ક્યારેક ઝરણામાં તો કયારેક જંગલમાં. એટલે સુધી કે આ ફોટોગ્રાફરોની આખી ટીમ હોય છે જેઓ કયારેક ડ્રોનનો પણ ઉપયોગ કરે છે અને આ ફોટોશૂટ તેઓ સીડી કે ડીવીડીમાં નહિ પણ પેન ડ્રાઈવમાં આપતાં હોય છે.

ગુજરાતના બીજા સ્થળોએ જ્યાં પ્રી-વેડિંગ શૂટ થાય છે એમાં અડાલજની વાવ , દીવ , જુનાગઢ અને ગીરનો સમાવેશ થાય છે.